સરકારી નોકરી કરતા શારીરિક ક્ષતિ ધરાવતા અપંગ સરકારી કર્મચારી/અધિકારીને ફોલ્ડીંગ વ્હીલચેર પુરી પાડવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:–અપગ–૧૦૨૦૦૮–૩૭–છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– –૧૦–૨૦૦૮
13 OCT 2008

**વંચાણે લીધા :–**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૯/૯/૯૦નો
ઠરાવ ક્રમાંક:–અપગ–૧૯૯૦–૨૨૯૯–છ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૩૧–૧૨–૨૦૦૭નો
પત્ર નં.અપંગ–ફોલ્ડીગ વ્હીલ/૦૭–૦૮/૩૫૯

**આમુખ :–**

આમુખ (૧)માં જણાવેલ આ વિભાગના તા.૧૯/૯/૯૦ના ઠરાવથી જેઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે જમીન પર ઘસડાઈને જવું પડતું હોય તેવા શારીરિક ક્ષતિ ધરાવતા અપંગ સરકારી કર્મચારી/અધિકારીને વિના મુલ્યે એક ફોલ્ડીગ વ્હીલચેર પુરી પાડવાની યોજના અમલમાં છે. આ ફોલ્ડીગ વ્હીલચેર માન્ય સ્વૈચ્છિક સંસ્થામાંથી રૂ.૧૮૦૦/–ની નંગદીઠ કિંમતે ખરીદવાની મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ કાચા માલ તેમજ સાધન સામગ્રીની કિંમતમાં વધારો થવાથી ભારત સરકારે માન્ય કરેલ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ફોલ્ડીગ વ્હીલચેરની કિંમતમાં વધારો કરવામાં આવેલ હોવાથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ આમુખ (૨)માં જણાવેલ તા.૩૧–૧૨–૨૦૦૭ના પત્રથી ફોલ્ડીગ વ્હીલચેરની મંજુર કરેલ કિંમત સુધારી આપવા દરખાસ્ત કરી છે.

તદ્દઅનુસાર શારીરિક ક્ષતિ ધરાવતા અપંગ સરકારી કર્મચારી/અધિકારીને સમાજ સુરક્ષા ખાતા તરફથી અપાતી વિના મુલ્યે ફોલ્ડીગ વ્હીલચેરની કિંમતમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ :–**

આ બાબત કાળજીપૂર્વકનાં વિચારણાને અંતે સરકારશ્રીએ આ યોજના હેઠળ આપવાની ફોલ્ડીગ વ્હીલચેરની ખરીદ કિંમત એક નંગના ૧૮૦૦/–થી વધારીને ૪૨૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર બસો પૂરા) પ્રમાણે મંજુર કરવાનું ઠરાવેલ છે.

આ યોજનાનો લાભ સરકારી કર્મચારી/અધિકારીઓને બેવડાય નહી તેની કાળજી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાએ રાખવાની રહેશે. આ અંગેનો ખર્ચની જોગવાઈ અંદાજપત્રીય જોગવાઈમાંથી મેળવવાની રહેશે. અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ પરની નાણાં સલાહકારશ્રીની તા.૨૩/૯/૦૮ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી.અને તેમના નામે,

( જયદીપ દ્વિવેદી )
નાયબ સચિવશ્રી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

–માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
–મંત્રીશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
–નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
–મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ.
–પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
–નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
–સર્વે બાબતોના પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી(નિ.સ.સુ.મારફતે)
–ભારત સરકારે માન્ય કરેલ અપંગો માટેના સાધનો બનાવતી સર્વે સંસ્થાઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)
–બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
–પસંદગી ફાઈલ(મદદનીશ છ.૧ શાખા)

છ.૬/પે.૬૩/

નં. સમસ/ફોલ્ડીંગ વ્હીલ/૦૮-૦૯/૬૨૧૭
નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર
તા.૧૬-૧૦-૨૦૦૮

નકલ સવિનય રવાના:
૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને
૨) સંબંધિત ફાઈલ.

૭૧

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર